# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલેન્ડમાં વસતા ભારતીય સમુદાયને બંને દેશો વચ્ચે વધી રહેલી ભાગીદારીનો મહત્વપૂર્ણ સ્તંભ ગણાવ્યો.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે યુવા પેઢીને પુસ્તકાલયો સાથે જોડાવા અનુરોધ કર્યો.
3) વિયેતનામમાં ટાપુ પાસે હોડી પલટી જતાં 15 ભારતીયોનાં મૃત્યુની સ્થિતિ ગંભીર.
4) આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન દેશના ઉત્તર અને પૂર્વ ભાગોમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.
5) સાઉધમ્પ્ટનમાં પાંચ ટી ટ્વેન્ટી મેચની શ્રેણીની અંતિમ મેચમાં ભારતે ઇંગ્લેન્ડ સામે ટોસ જીતી બોલિંગ પસંદ કરી.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM NEWZELAND TOUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની બે દિવસની ન્યૂઝીલેન્ડની મુલાકાત પૂર્ણ કરીને સ્વદેશ આવવા રવાના થયા છે. છેલ્લા ચાર દાયકા કરતાં વધુ સમયગાળામાં ભારતના કોઈ પ્રધાનમંત્રીની ન્યૂઝીલેન્ડની આ પ્રથમ મુલાકાત હતી, જેણે દ્વિપક્ષીય સંબંધોને મોટો વેગ આપ્યો છે.

મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ તેમના ન્યૂઝીલેન્ડના સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓની ઉપસ્થિતિમાં સંરક્ષણ, પ્રવાસન, રમતગમત, આપત્તિ વ્યવસ્થાપન તેમજ ડેરી અને પશુપાલન સહિતના ક્ષેત્રોમાં પાંચ સમજૂતીપત્રોની આપ-લે કરવામાં આવી હતી.

# XPM NEWZEALAND COMMUNITY EVENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે ન્યૂઝીલેન્ડમાં વસતો ભારતીય સમુદાય બંને દેશો વચ્ચે વધી રહેલી ભાગીદારીનો મહત્વપૂર્ણ સ્તંભ છે. ઓકલેન્ડમાં સ્પાર્ક અરેના ખાતે એક સામુદાયિક કાર્યક્રમમાં ભારતીય પ્રવાસીઓને સંબોધિત કરતા શ્રી મોદીએ કહ્યું કે ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધો સહિયારી યાદો, સ્થાયી મિત્રતા, સમાન મૂલ્યો અને ઉજ્જવળ ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતા પર આધારિત છે.

તેમણે કહ્યું કે, ઓકલેન્ડથી વેલિંગ્ટન અને ક્રાઈસ્ટચર્ચથી ક્વીન્સટાઉન સુધી, ભારતીય સમુદાયે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ચાર દાયકા પછી ભારતના કોઈ પ્રધાનમંત્રીએ ન્યૂઝીલેન્ડની મુલાકાત લીધી છે.

## (BYTE PM MODI ON 40 YEARS)

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેનાં રમતગમત સંબંધોનાં 100 વર્ષ થયા છે. આ પ્રસંગે તેમણે એક સદી પહેલાં ભારતીય હોકી ટીમની ન્યૂઝીલેન્ડની મુલાકાતને ટાંકી હતી.

## (BYTE PM ON HOCKEY)

પ્રધાનમંત્રી મોદીએ ન્યૂઝીલેન્ડ સાથે થયેલા મુક્ત વ્યાપાર કરારનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## (BYTE PM ON FTA)

આ પ્રસંગે ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને બંને દેશો વચ્ચે વધી રહેલી વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારી પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ-ભારત મુક્ત વ્યાપાર કરાર પર હસ્તાક્ષર થવાથી કીવી નિકાસકારો માટે 1.4 અબજ લોકોના બજારના દ્વાર ખુલ્યા છે, અને ન્યૂઝીલેન્ડમાં ભારતીય વ્યવસાયો

# PM NEWZEALAND COMMUNITY EVENT – 2

માટે નવી તકો ઊભી થઈ છે. તેમણે વૈશ્વિક સ્તરે ભારતના વધી રહેલા કદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને ન્યૂઝીલેન્ડના વિકાસમાં ભારતીય સમુદાયના ઉત્કૃષ્ટ યોગદાનની પ્રશંસા કરી હતી.

# EVE.SHAH-JAYPRAKASH NARAYAN LIBRARY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે યુવા પેઢીને પુસ્તકાલયો સાથે જોડાવા અપીલ કરી છે અને વ્યક્તિત્વને ઘડવામાં તેમની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો છે. આજે નવી દિલ્હીમાં જયપ્રકાશ નારાયણ જાહેર પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે જણાવ્યું હતું કે લોકનાયક જયપ્રકાશ નારાયણ એક મહાન સ્વાતંત્ર્ય સેનાની, વિચારક અને રાષ્ટ્રીય નેતા હતા જેમણે દેશ માટે નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશ અને તેના લોકોને સમજવા માટે વાચન આવશ્યક છે. રાષ્ટ્ર નિર્માણમાં પુસ્તકાલયોની ભૂમિકા પર પ્રકાશ પાડતા ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, તેઓ આધુનિક શિક્ષણની સાથે દેશની સંસ્કૃતિ અને જ્ઞાનને જન-જન સુધી પહોંચાડવાનું એક શક્તિશાળી માધ્યમ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં દરેક ગામમાં પુસ્તકાલયો ખોલવામાં આવ્યા છે, જેમાં આશરે ૩ હજારથી ૪ હજાર પુસ્તકો છે. તેમણે ઉમેર્યું હતું કે આ પુસ્તકાલયો એક કેન્દ્રીય પુસ્તકાલય સાથે જોડાયેલા છે જેમાં ૧.૨૫ લાખથી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે જયપ્રકાશ નારાયણ જાહેર પુસ્તકાલયમાં ૩૨,૦૦૦ થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# HYDERABAD - BULLET TRAIN HUB

કેન્દ્રીય રેલવે અને માહિતી-ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે હૈદરાબાદને મોટા હાઈ-સ્પીડ રેલ હબ તરીકે વિકસાવવાની યોજનાઓની જાહેરાત કરી છે, જેમાં શહેરને પુણે, ચેન્નાઈ અને બેંગલુરુ સાથે જોડતા સૂચિત બુલેટ ટ્રેન કોરિડોરનો સમાવેશ થાય છે.

હૈદરાબાદમાં એક ઉદ્યોગ જગતના કાર્યક્રમમાં બોલતા તેમણે જણાવ્યું કે, હાઈ-સ્પીડ રેલ નેટવર્ક મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને દક્ષિણ ભારતના પ્રમુખ આર્થિક કેન્દ્રો વચ્ચે સંપર્ક મજબૂત કરશે.

મંત્રીશ્રીએ ભારતના સતત વધી રહેલા ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રો પર પણ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, દેશે 'એઆઈ-એઝ-એ-સર્વિસ' મોડલ અપનાવ્યું છે અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં તેલંગાણા મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ્સ માટે પાંચ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને સિકંદરાબાદ તેમજ નામપલ્લી સહિત તેલંગાણાના 42 રેલવે સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

# BIHAR VP - BIPARD CAMPUS

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું છે કે લોકશાહીમાં મતભેદો હોવા સ્વાભાવિક છે, પરંતુ બંધારણ અને લોકકલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા સર્વોપરી રહેવી જોઈએ. ગયા જી ખાતેના બિપાર્ડ પરિસરમાં બિહાર વિધાનસભાના સભ્યો માટેના ઓરિએન્ટેશન અને તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરતા, શ્રી રાધાકૃષ્ણને જનપ્રતિનિધિઓને લોકતાંત્રિક મૂલ્યો, પારદર્શિતા અને જનતા પ્રત્યેની જવાબદારીને સર્વોચ્ચ અગ્રતા આપવા આહવાન કર્યું હતું.

કાર્યક્રમમાં રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈન અને મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ સંબોધન કર્યું હતું.

# VIETNAM BOAT TRAGEDY

વિયેતનામમાં ભારતીય પર્યટકોને લઇને જઈ રહેલી હોડી કુ-ક્વોક ટાપુ પાસે પલટી જતાં 15 લોકોનાં મૃત્યુ થયા છે. આ ઘટનામાં 21 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હોડીમાં 32 ભારતીય પર્યટક અને ચાલક દળનાં ચાર સભ્યો મુસાફરી કરી રહ્યા હતા.

સ્થાનિક અહેવાલોમાં વિયેતનામનાં અધિકારીઓએ આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે. બે પર્યટકોની સ્થિતિ ગંભીર છે. તમામ 15 મૃતદેહોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. ભારતીય પર્યટકોમાંથી મોટા ભાગનાં આંધ્રપ્રદેશ અને તેલંગાણાનાં હતા. હેનોઇ સ્થિતિ ભારતીય દૂતાવાસે સોશિયલ મિડીયા સંદેશમાં જણાવ્યું કે, જાણકારી અને મદદ માટે હો ચી મિન્હ શહેરમાં ભારતનાં કોન્સ્યુલેટ જનરલ અને હેનોઇ સ્થિત દૂતાવાસમાં કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર આ દુઃખદ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશામાં ઇજાગ્રસ્તો ઝડપથી અને સંપૂર્ણપણે સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ આ અકસ્માતમાં પોતાના સ્વજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઇજાગ્રસ્ત બચેલા લોકો ઝડપથી સાજા થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# DAY IMD-WEATHER

હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન દેશના ઉત્તર અને પૂર્વ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાતચીત કરતા હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડોક્ટર નરેશે જણાવ્યું હતું કે આગામી બે દિવસ દરમિયાન ઉત્તર-પૂર્વના કેટલાક ભાગોમાં અત્યંત ભારે વરસાદ થવાની સંભાવના છે. તેમણે ઉમેર્યું હતું કે આસામ માટે આજે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે ઉત્તર પંજાબ અને ઉત્તર હરિયાણામાં ભારે વરસાદની અપેક્ષા છે, જ્યારે દિલ્હીમાં સાંજ અથવા મોડી સાંજ સુધીમાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

ડૉ. નરેશે વધુમાં જણાવ્યું કોઈ નોંધપાત્ર લો-પ્રેશર સિસ્ટમ સક્રિય ન હોવાને કારણે આગામી છથી સાત દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, મધ્ય અને દ્વીપકલ્પ ભારતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે. તેમણે ઉમેર્યું કે અલ નીનોની સ્થિતિને કારણે દેશનો એકંદર ચોમાસાનો વરસાદ હવે સામાન્ય કરતાં ઓછો થઈ ગયો છે.

# CRICKET-T20

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ ટી ટ્વેન્ટી મેચની શ્રેણીની અંતિમ મેચ આજે સાઉથમ્પ્ટનમાં રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ઇંગ્લેન્ડે 5 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 44 રન કર્યા છે.

ઇંગ્લેન્ડે શ્રેણીમાં 3-0થી અજેય લીડ મેળવી લીધી છે. ભારત એક દિવસીય આંતર રાષ્ટ્રીય મેચ પહેલા આ મેચ જીતવા માટે પ્રયત્નશીલ રહેશે.

# WOMEN'S CRICKET TEST

લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહેલી ઐતિહાસિક એકમાત્ર મહિલા ટેસ્ટ મેચના બીજા દિવસે, ઇંગ્લેન્ડે તેની પ્રથમ ઇનિંગ્સમાં 170 રનમાં ઓલ આઉટ થયું હતું. 115 રનની સરસાઈ સાથે ભારતે બીજી ઇનિંગ્સમાં 3 ઓવરમાં વિના વિકેટે 4 રન કર્યા છે.

આ અગાઉ, ગઈકાલે ભારતીય ટીમ તેની પ્રથમ ઇનિંગમાં 285 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. સ્મૃતિ મંધાનાએ શાનદાર બેટિંગ કરતા 83 રન બનાવ્યા હતા. કેપ્ટન હરમનપ્રીત કૌરે 58 રનનું યોગદાન આપ્યું હતું જ્યારે દીપ્તિ શર્માએ 57 રન ઉમેર્યા હતા. ઇંગ્લેન્ડ તરફથી સોફી એક્લસ્ટોને ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે મેડી વિલિયર્સ અને ઇસી વોંગે 2-2 વિકેટ લીધી હતી. આ મેચ એક ઐતિહાસિક સિદ્ધિ સમાન છે કારણ કે પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાનારી આ સૌપ્રથમ મહિલા ટેસ્ટ મેચ છે.